દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૨ મે, ૨૦૨૬

સોના-ચાંદીની આયાત પરના નિયંત્રણો હાલ દેશને અમુક હદે જ મદદરૂપ થઇ શકશે

ઇરાન-અમેરિકા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું અને તેના પછી જે સંજોગો ઊભા થયા તેને કારણે દુનિયાભરના દેશોનાં અર્થતંત્રોને અસર થઇ છે. ખનિજ તેલ, ગેસ અને ખાતર વગેરેના મોટા આયાતકાર એવા ભારત દેશના અર્થતંત્રને પણ સ્વાભાવિક રીતે જ વ્યાપક અસર થાય. ભારત માટે આયાત મોંઘી થતાં અને વિદેશી હુંડિયામણ અનામત ભંડોળમાં ઘટાડો થવા માંડતાં અનેક પગલાંઓ ભરવા માંડ્યાં છે. ખાસ કરીને સોના-ચાંદીની આયાત પર નિયંત્રણો મૂકીને વિદેશી હુંડિયામણને બહાર ખેંચાઇ જતું અટકાવવાનો સરકારે પ્રયાસ કર્યો છે.

પહેલાં તો સરકારે સોના અને ચાંદીની આયાત ડ્યુટીમાં વધારો કર્યો અને કિંમતી ધાતુઓ પર આયાત ડ્યુટીમાં નોંધપાત્ર વધારો કર્યાના એક દિવસ બાદ, સરકારે એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ હેઠળ સોનાની આયાત પર 100 કિલોગ્રામની મર્યાદા લાદી છે, જે યોજના જ્વેલરી નિકાસકારોને શૂન્ય ડ્યુટી પર કાચો માલ અથવા ઇનપુટ સામગ્રી આયાત કરવાની મંજૂરી આપે છે. સરકારે સોનાની આયાત માટે એડવાન્સ ઓથોરાઇઝેશન આપવા અને તેના પર દેખરેખ રાખવાની શરતો કડક બનાવી છે. અગાઉ, આ યોજના હેઠળ સોનાની આયાત પર કોઈ મર્યાદા નહોતી. એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ એવા ઇનપુટ્સની ડ્યુટી-ફ્રી આયાતની મંજૂરી આપે છે જે નિકાસ ઉત્પાદનમાં સમાવિષ્ટ હોય છે. કોઈ પણ ઇનપુટ્સ ઉપરાંત, પેકેજિંગ મટિરિયલ, બળતણ, તેલ અને ઉદ્દીપક કે જે નિકાસ ઉત્પાદનની ઉત્પાદન પ્રક્રિયામાં વપરાય છે અથવા ઉપયોગમાં લેવાય છે, તેને પણ મંજૂરી આપવામાં આવે છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ એક જાહેર નોટિસમાં જણાવ્યું હતું કે, સોનાની આયાત માટે AA (એડવાન્સ ઓથોરાઇઝેશન) મહત્તમ 100 કિલોગ્રામની સ્વીકાર્ય માત્રાને આધીન જારી કરવામાં આવશે. વધુમાં, નિર્દેશાલયના સંબંધિત પ્રાદેશિક સત્તાધિકારી AA જારી કરવા અંગેની વિગતો ધરાવતો માસિક અહેવાલ DGFT ને સબમિટ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ યોજનાનો દુરુપયોગ તાત્કાલિક મોટી માત્રામાં આયાત કરવા અને ભાવના તફાવતનો લાભ લેવા માટે કરવામાં આવે તેવી ઉચ્ચ સંભાવના હતી. તેઓએ જણાવ્યું હતું કે, AA સ્કીમના દુરુપયોગની કોઈ પણ શક્યતાને રોકવા માટે આ સૂચનાઓ જારી કરવામાં આવી રહી છે. સરકારે બુધવારે પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે વધતા આયાત બિલને કારણે ખરીદીને નિરુત્સાહિત કરવા અને બિન-આવશ્યક આયાતમાં કાપ મૂકવા માટે સોના અને ચાંદી પરની આયાત ડ્યુટી વધારીને 15 ટકા કરી દીધી હતી. 13 મેથી અમલી બનેલા ફેરફાર મુજબ, સોના અને ચાંદી પરની આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરવામાં આવી છે અને પ્લેટિનમ પરની ડ્યુટી 6.4 ટકાથી વધારીને 15.4 ટકા કરવામાં આવી છે. સોના/ચાંદીના ડોર, સિક્કા વગેરે જેવી અન્ય વસ્તુઓમાં પણ આનુષંગિક ફેરફારો કરવામાં આવ્યા છે. સોના પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી બમણી કરીને 10 ટકા કરવામાં આવી છે, જ્યારે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) 1 ટકાથી પાંચ ગણો વધારીને 5 ટકા કરવામાં આવ્યો છે. આ સોના અને ચાંદી પરની અસરકારક આયાત ડ્યુટી 15 ટકા પર લાવે છે. તદુપરાંત, આયાતકારોએ 3 ટકા સંકલિત જીએસટી (IGST) ચૂકવવો પડે છે, જે કુલ ડ્યુટીને અગાઉના 9.18 ટકાથી વધારીને 18.45 ટકા કરે છે. નાણાંકીય વર્ષ 2025-26માં સોના અને ચાંદીની આયાત વાર્ષિક ધોરણે 26.7 ટકા વધીને 102.5 અબજ ડોલર થઈ છે, જેમાં કુલ આયાતમાં તેમનો હિસ્સો 2024-25ના 11.8 ટકાથી વધીને 14 ટકા થયો છે. ડ્યુટીમાં આ વધારો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોનાની ખરીદી પર અંકુશ મૂકવા અને ટાળી શકાય તેવા વિદેશી હૂંડિયામણના ખર્ચને ઘટાડવા માટેના અન્ય કરકસરનાં પગલાં સાથે આપેલા આહવાનના થોડા દિવસોમાં જ આવ્યો છે. ચીન પછી વિશ્વના બીજા સૌથી મોટા સોનાના વપરાશકાર એવા ભારતમાં સોનાની આયાત જ્વેલરી ઉદ્યોગની માંગ દ્વારા સંચાલિત થાય છે. આવી આયાતમાં વિદેશી હૂંડિયામણનો મોટો જથ્થો બહાર જાય છે.

આ ડ્યુટી વધારાની જાહેરાત થઇ તે પહેલાં જ રૂપિયો ૯૫ની સપાટી તોડી ચૂક્યો હતો. સોનાની આયાત ડ્યુટીની જાહેરાત થયા પછી બુધવારે તેમાં થોડો સુધારો થયો હતો. જો કે ફરીથી રૂપિયો ગગડવા માંડ્યો અને તેણે બાદમાં ૯૬ની સપાટી પણ તોડી નાખી. રૂપિયો ગગડવા પાછળ ક્રુડના ભાવોમાં મોટો વધારો, મજબૂત ડોલર અને વિદેશી રોકાણકારો દ્વારા ખેંચી લેવામાં આવતાં રોકાણોને પણ જવાબદાર માનવામાં આવે છે. વિદેશ રોકાણકારો ભારતમાંથી પોતાનાં ભંડોળો પાછાં ખેંચી લે તેને કારણે પણ હુંડિયામણનો આઉટફ્લો વધે છે અને રૂપિયો ઓર નબળો થાય છે. રૂપિયો નબળો થતાં ભારતીય આયાતકારોએ ડોલર ખરીદવા વધુ નાણાં ચુકવવા પડે છે. આ એક વિષચક્ર જેવું છે. ભારતની કુલ આયાતોમાં સોના-ચાંદીની આયાત વધીને ૧૪ ટકા જેટલી થઇ છે. તેમની આયાત પર અંકુશ આવશે તો સ્થિતિ થોડી સુધરશે પણ તે અમુક હદે જ મદદરૂપ થઇ શકશે. ભારતે બીજી આયાત ઘટાડવા અને સ્વનિર્ભરતાનાં વધુ પગલાં ભરવાં જરૂરી છે.

મિત્ર કોણ

વિક્રમ અને સૂરજ બંને શાળાજીવનથી મિત્રો હતા. વિક્રમ ધનિક ઘરનો, સૂરજ ગરીબ. છતાં બંને વચ્ચે ક્યારેય અમીર-ગરીબનો ભેદ ન હતો.વિક્રમ હંમેશા સુરજની સાથે જ દેખાતો, સુરજના ઘરે જમતો અને પોતાની બધી વસ્તુઓ સુરજને આપતો.બંને સાથે જ રમતા મોટા થયા.કોલેજમાં આવ્યા. રોજ વિક્રમ પોતાની બાઈક લઈને સુરજને ઘરે લેવા આવતો અને બંને સાથે કોલેજ જતા અને કોલેજ પૂરી થતાં સાથે મળીને નવું સ્ટાર્ટઅપ શરૂ કરવાનાં સપનાં જોતા.

આમ દિવસો વિતતા હતા પણ અચાનક વિક્રમના પિતાને બિઝનેસમાં મોટી ખોટ ગઈ અને તેમને હાર્ટએટેક આવી ગયો... ઘર ગયું... ઇજ્જત ગઈ... ડૂબતો ધંધો બચાવવાની

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જવાબદારી વિક્રમ પર આવી ગઈ. કોઈ ધનિક મિત્રો કે સગાંવહાલાં મદદ કરવા આગળ ન આવ્યા. બધા જ ધીરે ધીરે દૂર થઈ ગયા અને સાથ છોડી ગયા.

પણ સાચો મિત્ર સૂરજ..... તેણે સાથ ન છોડ્યો. તે રોજ આવ્યો...તે હંમેશા સાથે રહ્યો.વિક્રમના પપ્પા પાસે હોસ્પીટલમાં પણ વિક્રમની સાથે અને બિઝનેસ બચાવવા ઓફિસમાં પણ તે વિક્રમની સાથે... ક્યારેક ટિફિન લઈ આવ્યો, ક્યારેક ફક્ત પાસે બેઠો.ક્યારેક નવા ઉપાય શોધતો. સૂરજે નાની લોનની વ્યવસ્થા પણ કરી અને તે લોન મેળવી વિક્રમ અને સુરજે વિક્રમના પિતાનો બિઝનેસ પડી ભાંગતાં અટકાવ્યો અને બંને દોસ્તોએ થોડાં વર્ષોમાં બિઝનેસ ફરી ઊભો કરી દીધો .

થોડાં વર્ષોમાં વિક્રમ ફરી સફળ થઈ ગયો. તેને 'યંગ બિઝનેસમેન'નો એવોર્ડ મળ્યો. તે દિવસે ઘણાં લોકો આવ્યાં, ભેટો લાવ્યા, તું અમારો દીકરો, તું મારો ખાસ ,તું અમારો દોસ્ત એમ કહીને મુબારકબાદ આપી ભેટવા લાગ્યા. વિક્રમ ઊભો થઈ બોલ્યો – ''આપ સહુ આજે મારા આનંદમાં ભાગ લેવા દોડી આવ્યા છો પણ મારો આ એવોર્ડ અને આ પાર્ટી અને મારું આ જીવન ફક્ત એક માણસ માટે છે અને તે છે મારો એક માત્ર મિત્ર સૂરજ. તમે બધાં વર્ષો બાદ આજે ખુશીમાં સાથ દેવા આવ્યા, પણ તે મારા દુ:ખમાં આવ્યો અને સાથ છોડીને ક્યારેય ગયો નહિ.''

સાચો મિત્ર ઉત્સવમાં નહીં, ઉપાધિ આવે ત્યારે ઓળખાય. જ્યારે જિંદગી ખાલી હોય, ત્યારે જે પ્રેમ,સાથ અને ખુશીથી ભરે – એ મિત્ર.

'કૉકરોચ જનતા પાર્ટી'-આજનો યુવાન કશુંક ગંભીર કહી રહ્યો છે

કહેવાની વાત

નેહા શાહ

યુવાનોમાં સામાજિક-રાજકીય વ્યવસ્થા સામે પ્રવર્તી રહેલો અસંતોષ અવગણવા જેવો નથી. એનો વ્યાપ તમને મનાવવામાં આવે છે એના કરતાં ઘણો મોટો છે. એની સાબિતી મળી ગઈ છે 'કોન્ક્રોચ જનતા પાર્ટી' (સીજેપી) ને મળેલા પ્રતિસાદ પરથી. ૧૫ મે, ૨૦૨૬ના રોજ, જસ્ટીસ સૂર્યકાંતે એક કેસની સુનાવણી દરમ્યાન ભારતના બેરોજગાર યુવાનોને 'કોન્ક્રોચ (વંદા) જેવા' ગણાવ્યા. તેમણે કહ્યું કે નોકરી ન મળતાં આવાં યુવાનો સોશ્યલ મીડિયા, પત્રકારિતા અને માહિતી અધિકાર (આર.ટી.આઈ.) તરફ વળે છે અને 'સિસ્ટમ પર હુમલો' કરે છે. તેમણે આવાં લોકોને 'પરોપજીવી' પણ કહ્યા. એના જવાબમાં બીજે જ દિવસે, ૧૬ મે ના દિવસે ૩૦ વર્ષના યુવાન, બોસ્ટન યુનિવર્સિટીના વિદ્યાર્થી અભિજીત દીપ્કેએ પાર્ટીની જાહેરાત કરી. ૨૦મી મે, એટલે કે માત્ર ચાર જ દિવસમાં એક લાખથી વધુ લોકો એના સભ્ય બની ગયા. જે મોટા ભાગના યુવાનો - જેન-ઝી છે. આ ઉપરાંત એ જ દિવસે દિલ્હીના યુવાનોના એક નાનકડા જૂથે 'હું વંદો છું' લખેલા પોસ્ટર પહેરી યમુના સાફ કરવાનું કામ કર્યું. સરકાર જે ચિત્ર રજૂ કરે છે એનો જમીની વાસ્તવિકતા સાથે મેળ ના બેસતો હોય તો અસંતોષ તો ઊભો થવાનો.

મુદ્દો માત્ર એક ટીપ્પણીનો નથી - પણ પ્રશ્નોથી ખદબદી રહેલી વ્યવસ્થા અને એમાંથી ઊભી થતી માનવીય પીડા પ્રત્યેના અસંવેદનશીલ અભિગમનો છે. કારણ કે, બેરોજગારીનો પ્રશ્ન કાલ્પનિક નથી, ભણતરની સાથે રોજગારની તકો ઊભી થતી નથી તેમજ કામનાં સ્થળો શોષણથી મુક્ત નથી. આજના યુવા આર્થિક, સામાજિક અને રાજકીય વ્યવસ્થામાં રહેલી અયોગ્ય રીતો સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે અને પોતાનો પ્રતિરોધ નોંધાવી રહ્યા છે. આ માત્ર તેમનો અધિકાર જ નથી, પણ તેમનું દાયિત્વ પણ છે. જો તેમના આ અધિકાર સામે, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ કે જેનું કામ બંધારણીય અધિકારોનું સંરક્ષણ કરવાનું છે, તે જ આવી ટીપ્પણી કરે તો એક બંધારણીય સંકટ ઊભું થયું હોવાનો ડર લાગે. જો કે જસ્ટીસ સૂર્યકાંતે તેમની

> **કારણ કે, બેરોજગારીનો પ્રશ્ન કાલ્પનિક નથી, ભણતરની સાથે રોજગારની તકો ઊભી થતી નથી તેમજ કામનાં સ્થળો શોષણથી મુક્ત નથી**

ટિપ્પણીનું ખોટું અર્થઘટન થયું હોવાની કરેલી સ્પષ્ટતા તો કરી, પણ તીર છૂટી ચૂક્યું હતું. એટલે કોન્ક્રોચ પાર્ટીને મળી રહેલા પ્રતિસાદ પર એની કોઈ અસર નથી પડી રહી.

પાછલા ત્રણ દિવસમાં ચર્ચા માત્ર જસ્ટીસ સૂર્યકાંતની ટીપ્પણી પૂરતી મર્યાદિત ના રહેતાં દેશની લોકશાહી સામે ઊભેલા વ્યાપક પ્રશ્નોની પણ થઇ રહી છે. સીજેપીનો મેનીફેસ્ટો (ચૂંટણી ઢંઢેરો) વર્તમાન લોકશાહીમાં ઊઠી રહેલા ગંભીર મુદ્દાઓને આવરી લે છે. એક, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોને નિવૃત્તિ પછી મળતાં સ્થાન જેને કારણે ન્યાયતંત્રની સ્વતંત્રતા જોખમાય છે. બે, ચૂંટણી પંચ સામે કાનૂની કાર્યવાહી ના કરી શકવાની જોગવાઈ તેમજ મતદારયાદીમાંથી કરોડો લોકોનાં ભુંસાયેલાં નામ - જેને સીજેપીની વેબસાઈટ આતંકવાદ સમાન પગલું ગણાવે છે. ત્રણ, પક્ષ બદલાતા ચૂંટાયેલા નેતા અને પુરસ્કારરૂપ ધોવાઈ જતા ભ્રષ્ટાચારના આરોપ - જેની પર પ્રતિબંધ મૂકવાની માગ કરાઈ છે. ચાર, કોર્પોરેટ ગૃહો દ્વારા ચાલતા મીડિયા હાઉસ જેમાં સ્પષ્ટપણે સ્થાપિત હિતો દેખાય છે - જેના બેંક એકાઉન્ટની તપાસની માંગ કરાઈ છે અને પાંચ, મહિલાઓ માટે પચાસ ટકા જેટલા અનામતની જોગવાઈની માંગ અને એ પણ સંસદની સીટ વધાર્યા વિના. આ બધા પ્રશ્નોથી શું આપણે વાકેફ નથી? શું લોકશાહીને નબળી પાડવામાં આ બધા મુદ્દા ભાગ નથી ભજવી રહ્યા?

યુવાનો દ્વારા કરાયેલો એક કટાક્ષ અત્યારે તો સોશ્યલ મીડિયા પર અણધાર્યો પ્રતિસાદ મેળવી રહ્યો છે. અભિજીત દીપ્કે માટે પણ આ આશ્ચર્યની ઘટના છે. એના નામમાં 'પાર્ટી' શબ્દ ભલે હોય પણ એ કોઈ રાજકીય પાર્ટી નથી. દીપ્કે એને એક સામાજિક-રાજકીય ચર્ચા કરવા માટેનું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ તરીકે જુએ છે. આવું પ્લેટફોર્મ કેટલું ટકશે એ તો અત્યારે કહી શકાય નહિ. સમાજમાં કેટલી ચર્ચા આગળ વધારી શકે છે એ કહેવું પણ મુશ્કેલ છે. વર્તમાન સંજોગોમાં વ્યવસ્થાને પડકારતી ચર્ચા કરવી એટલે એ સામા પ્રવાહે તરવા જેટલું અઘરું છે. તેમની પર પ્રતિબંધ આવી શકે છે. સોશ્યલ મીડિયા પર ટ્રોલ થઈ શકે છે કે પછી કોઈ સાચા-જુઠા કેસમાં તેઓ ફસાઈ શકે છે. આ બધી શક્યતાની વચ્ચે આ બિનઅનુભવી યુવાનો તેમના જોશના આધારે રાજકારણને કેટલો સમય આપવા માંગે છે એની પર ઘણો મોટો આધાર રહેશે, યાદ રહે, નીટનું પેપર ફૂટ્યાની ઘટનાના ઘા હજુ તાજા છે. ત્રણેક વિદ્યાર્થીઓએ નીટ પરીક્ષા રદ થયા પછી તાણમાં આવીને આત્મહત્યા કરી છે, જેને કારણે સમાજ ભાવનાત્મક રીતે ઘવાયેલો છે એવા સંજોગોમાં રાજકીય વ્યવસ્થાને પડકાર આપતો કટાક્ષ બધાનું ધ્યાન આકર્ષી રહ્યો છે. આ જુવાળને લાંબા સમય સુધી ટકાવી રાખવાનું અઘરું હોય તો પણ એટલું તો કહેવું જ પડે કે આ યુવાનોએ આપણને આયનો બતાવવાનું કામ કર્યું છે, જેની ગંભીર નોંધ લેવી જોઈએ. આજે જ્યારે મીડિયા લોકશાહીનો ચોથો સ્તંભ બનવાને બદલે સત્તા પક્ષના ખોળામાં બેસવાનું સ્વીકારે છે, પરિણામે ભારતનો પ્રેસની સ્વતંત્રતાનો ઈન્ડેક્સ ઘટતો ઘટતો છેક ૧૫૭મા સ્થાને પહોંચ્યો છે. પ્રધાનમંત્રીની તાજેતરની નેધરલેન્ડ અને નોર્વેની યાત્રા દરમ્યાન પણ આ અંગે ગંભીર ટીપ્પણી થઈ હતી. ત્યારે કોઈકે તો અઘરા સવાલ પૂછવા પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

માટીની મહેક માત્ર સાહિત્યમાં, હકીકતે તો સિમેન્ટ કોંક્રિટના બ્લોકથી આપણે ઘેરાઈ રહ્યાં છીએ

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

ગયા વર્ષનો અનુભવ છે કે પહેલાં બપોરે એકથી ત્રણમાં ગરમી રહેતી. હવે સાંજે પાંચ વાગ્યે વધારે હોય છે. સુરજ માથે હોય ત્યારે તો ગરમી હોય જ છે પણ સૂર્યાસ્ત પછી પણ શહેર તપેલું હોય છે. રાત્રે પણ 40 ડીગ્રી તાપ સહન કરવો પડ્યો હતો કારણ? કારણ શહેરના રાજમાર્ગો પર કાચની દીવાલવાળાં બિલ્ડીંગો, ડામરના રસ્તા, સિમેન્ટના બ્લોકની ફૂટપાથ અને વૃક્ષોનું નિકંદન. ગુજરાતમાં અમદાવાદમાં ગરમી વધારે પડે છે કારણ વૃક્ષો કાપી નાખવામાં અમદાવાદ નંબર વન છે. વાચકને થશે કે આ ઠંડીના દિવસોમાં ગરમીની વાત ક્યાં યાદ કરાવો છો? સૌ પહેલાં તો સમસ્યાને મૂળમાંથી જાણવી પડે. આપણે સૂર્યની ગરમી ઓછી નથી કરી શકવાના પણ તે વધારે સહન ના કરવી પડે તે તો વિચારવું જ પડે ને.

છેલ્લાં વર્ષોમાં ગુજરાતમાં સિમેન્ટના બ્લોકનું સામ્રાજ્ય સર્જાયું છે. તમે કોઈ પણ સ્કૂલ કોલેજના કેમ્પસમાં જજો. ધાર્મિક સ્થળોમાં જજો. આખા ચોકમાં તમને સિમેન્ટના બ્લોક નાખેલા જોવા મળશે. માતૃભૂમિની માટી એ હવે સાહિત્યના શોભાઈમાન શબ્દો છે. સૌને બ્લોકનું ઘેલું લાગ્યું છે. ક્યાંય ખુલ્લી માટી જોવા મળતી નથી એટલે ઉનાળામાં આંખ આજી નાખતા આ બ્લોક ગરમીનો પારો વધારી દે છે. બીજી બાજુ ગયા વર્ષે આ લખનારની નજર સામે શહેરની સોસાયટીઓમાં અને મુખ્ય માર્ગો પર આડેધડ ઘટાદાર વૃક્ષો કપાયાં છે. સાવ જ ગેરકાયદેસર પણ કોઈ બોલનાર જ નહિ અને પૂછ્યું તો જવાબ મળ્યો, પાંદડાં બહુ પડે છે, કચરો થાય છે. વધુમાં વાંદરા આવે છે તે બહાનું ઉમેરાયું અને પરિણામ વૃક્ષોનો નાશ. મે મહિનાના વેકેશનમાં ગુજરાતનાં તમામ ધાર્મિક સ્થળોના પ્રવાસમાં ગયેલાં સૌએ નોંધ્યું હશે કે બધે જ બ્લોક નાખવામાં આવ્યા છે તે તાપને વધારી રહ્યા છે. આટલા વિશાલ ચોકમાં બ્લોકની સાથે દર પાચ ફૂટે એક વૃક્ષ વાવ્યું હોય તો આપણા તમામ ધાર્મિક સ્થળો અને શૈક્ષણિક સંસ્થાઓ દક્ષિણ ભારતનાં નયનરમ્ય પ્રવાસ સ્થળો જેવી સુંદર લાગત પણ આ માટે આપણે વૃક્ષનાં પાંદડાં કચરો નથી એ માનવું પડશે. આંખ આંજી નાખતા બ્લોક એ શોભા નથી એ સ્વીકારવું પડશે.

મુંબઈમાં રસ્તા બનાવવામાં પણ વૃક્ષો સાચવામાં આવ્યાં છે તે મુંબઈ જાવ તો અનુભવાય. ગુજરાતમાં ખાસ તો ઉત્તર ભાગમાં શહેરોમાં વૃક્ષો સતત ઘટતાં જાય છે. સરકાર ઈચ્છે તો સોસાઈટી ,સ્કૂલો કોલેજો અને ધાર્મિક જગ્યા ઓ પર સામુહિક વૃક્ષા રોપણ કરી શકે છે . સાથે સાથે શહેરના રાજમાર્ગો પર બિલ્ડીંગમાં બહારની બાજુએ લગતા કાચ પર પ્રતિબંધ મૂકી શકે છે. કાચનો પરતાપો ગરમી ન્ બે ગણી ચાર ગણી કરે છે. આપણે આપણાં કર્મોનું ફળ ભોગવીએ છીએ. દરેક ઘર ઓફિસમાં લાગેલું એસી ગરમ હવાને બહાર ફેંકે છે એટલે ધનિકોની ટાઢક ગરીબોની ગરમી વધારે છે. ગુજરાતમાં પડેલી અસહ્ય ગરમી એ ચેનલોના સમાચાર અને ઉચ્ચ મધ્યમ વર્ગની વોટ્સેપ ચર્ચાનો વિષય માત્ર નથી. એ ફૂટપાથ પર ધંધો કરનારા અને રોજી રળનારા અનેક લોકોનો જીવન પ્રશ્ન છે. હવે તો દક્ષિણ ગુજરાતમાં પણ વૃક્ષો કપાઈ રહ્યાં છે. આ ચિંતાનો વિષય છે. ગ્લોબલ વોર્મિંગના બહાના પાછળ આપણાં પાપ સંતાડી શકાશે નહિ. વહેલામાં વહેલી તકે માનવસર્જીત ગરમીનો ઉકેલ શોધવો પડશે.

હમણાં એક શિક્ષણ સંસ્થામાં જવાનું થયું. ત્યાંના સંચાલક સભ્ય સંસ્થાનું કેમ્પસ બતાવી રહ્યા હતા. ઉપર લખ્યું તેમ આખી સંસ્થાના વિશાળ મેદાનમાં બ્લોક લાગેલા હતા. અને નાનાં નાનાં છોડ વૃક્ષો માત્ર શોભા આપી રહ્યાં હતાં. અમે હજુ બોલવાના જ હતા કે આટલી વિશાલ જગ્યામાં વૃક્ષો વાવો તો આ શૈક્ષણિક કેમ્પસ કેવું હર્યુંભર્યું લાગે.ત્યાં તો સંચાલક શ્રી ગૌરવ સાથે બોલ્યા ..."એક પણ છોડ કે ઝાડ એવું નહિ વાવવાનું કે ગાય બકરી ખાઈ શકે અને કોઈ વાહન પાર્કિંગ કરી શકે !..."જ્યાં માનસિકતા જ આ હોય ત્યાં શું કરવાનું ..ગ્રામમાતા કવિતા યાદ આવી ગઈ. દયાહીન થયો નૃપ ..રસહીન થઈ ધરા

> **આપણા દેશની આ કમનસીબી છે કે આપણે સમસ્યાઓ જાણીએ છીએ છતાં વર્તન તે સમસ્યા ઓછી થાય તેવું કરવાને બદલે સમસ્યા વિકરાળ થાય તેવું કરીએ છીએ**

આપણા દેશની આ કમનસીબી છે કે આપણે સમસ્યાઓ જાણીએ છીએ છતાં વર્તન તે સમસ્યા ઓછી થાય તેવું કરવાને બદલે સમસ્યા વિકરાળ થાય તેવું કરીએ છીએ. આ મે મહિનામાં જે ગરમી સહન કરી તેના વિષે જૂન આવતાં જ આપણે ઉપેક્ષા કરવા માંડીશું. જેમ કે આવનારા વરસાદ માટે પણ કોઈ આયોજન નથી કર્યું. આ બ્લોકને કારણે પાણી જમીનમાં ઉતારવાનું નથી, પાણીનાં તળ ઊંચાં આવવાના નથી,જમીન ઝડપથી ઠરવાની નથી અને શહેરોમાં ઠેર ઠેર પાણી ભરાવાનાં છે.

આપણી પુરાણ કથાઓમાં એક રાક્ષસ હતો. નામ હતું ભસ્માસુર યાદ છે. શું આપણે પણ આપણા વિનાશનું આયોજન નથી કરતા?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

માતૃભાષાનું ઋણ ક્યારેય ભૂલવું ના જોઈએ

આપણો માતૃભાષા દિવસ કયો છે એ પણ ખબર નથી. વિશ્વ પુસ્તક દિવસ કયો છે એ પણ ખબર નથી. આપણાં ઘરોમાં બધાને સારું ગુજરાતી આવડતું હોવા છતાં વાતવાતમાં અંગ્રેજી શબ્દોનો ભરપૂર ઉપયોગ કરીએ છીએ. આપણા ઘરે રાતે ૧ વાગે કે,૨ વાગે સાવ ફાલતુ પિઝા બર્ગર કે બીજી વસ્તુઓ માટે હજાર રૂપિયા એક મિનિટમાં ખર્ચી કાઢીએ છીએ પણ સાવ સસ્તા રોજનાં પેપરો કે એકાદું ગુજરાતી મેગેઝિન કદી મંગાવતાં નથી. તમે બરાબર યાદ કરો. રોજ તમે ગુજરાતી ભાષાના બદલે કેટલા અંગ્રેજી શબ્દો વાપરો છો? આપણે સ્ટેશન કે એરપોર્ટનું ગુજરાતી પણ ખબર નથી. આપણાં બાળકો આઠ કે નવમા ધોરણમાં આવે તે વખતે પણ આપણાં બાળકોને સરખું ગુજરાતી લખતાં વાંચતાં કે બોલતાં આવડતું નથી. એનો ખોટો ગર્વ લેવો છે અરે ભાઈ આ ગર્વની વાત નથી શરમની વાત છે . ડૂબી મરવાની વાત છે. આ તમારી સફળતા નથી નિષ્ફળતા છે.આપણો ગુજરાતી સાહિત્યવારસો ખૂબ જ સમૃદ્ધ અને ખૂબ જ વૈભવશાળી છે. આપણે મરીઝ થી માંડીને નર્મદ સુધીનો માતબર અઢળક મબલખ સાહિત્યવારસો ધરાવીએ છીએ. આપણે શા માટે ગુજરાતી ભાષાનું ગૌરવ નથી કરતા? કયાં સુધી મા ના ભોગે માસીને વધાવતાં રહીશું? તમને બેચાર ગુજરાતના સારા સાહિત્યકારો કવિઓ ગઝલકારોનાં નામ ખબર છે? એમનો પરિચય છે? નથી ને તો પછી તમારાં સંતાનોને ક્યાંથી ખબર હોય? મા, માતૃભૂમિ અને માતૃભાષાનું ઋણ ક્યારેય ભૂલવું ના જોઈએ.

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

સ્વ.પ્રેમશંકર ભટ્ટની પ્રતિમા બાબતે અન્યાય

સુરત જિલ્લાના પ્રખર લોકસેવક સ્વાતંત્ર્ય સેનાની અને માંડવીના સપુત શ્રી પ્રેમશંકર ભટ્ટની સ્મૃતિરૂપે નગરના પ્રવેશદ્વારે નગર પંચાયત દ્વારા ઉદ્યાન બનાવવામાં આવ્યો છે અને તેનું નામકરણ ''સ્વ.પ્રેમશંકર ભટ્ટ ઉદ્યાન" કરવામાં આવ્યું છે.જે ગૌરવની વાત છે.પરંતુ હાલમાં પાલિકા દ્વારા બાગનું નવીનીકરણ કરવામાં આવ્યું ત્યારે સદર બાગમાં પ્રવેશદ્વાર પાસે બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની જે અડધા કદની પ્રતિમા હતી તેને પૂર્ણ કદની બનાવવામાં આવી છે. બજારમાં વલ્લભવડ ખાતે જે સરદાર વલ્લભભાઈ પટેલની અડધા કદની પ્રતિમા હતી તેને પૂર્ણ કદની બનાવવામાં આવી છે જ્યારે બાગમાં સ્વ.પ્રેમશંકર ભટ્ટની અડધા કદની પ્રતિમા છે તેને યથાવત્ રહેવા દીધી છે તે ખરેખર અન્યાય છે.કેમ કે ડૉ. આંબેડકર અને સરદાર પટેલની બંને પ્રતિમાને પૂર્ણ કદની બનાવવામાં આવી તો પછી સ્વ.પ્રેમશંકર ભટ્ટની પ્રતિમાને પૂર્ણ કદની બનાવવાને બદલે જે સ્થાને હતી તેના કરતાં નીચી ઊતારી દેવામાં આવી છે.જેમની પ્રતિમા જોઈને વંદન કરવાનું મન થાય એવા પ્રેમશંકર કાકા જયારે ભૂતકાળમાં સુરત જિલ્લા લોકલ બોર્ડ (તે સમયની જિલ્લા પંચાયતના પ્રમુખ હતા) એસ.ટી. બોર્ડના ડિરેક્ટર હતા.તેમણે અસંખ્ય લોકોને નોકરી અપાવી હતી. જેઓ આજે પણ યાદ કરે છે. શું-પાલિકામાં હવે નવી બોડી ચુંટાઈને આવી છે ત્યારે નવા શાસકો મહાપુરુષ સ્વ. પ્રેમશંકર ભટ્ટની પ્રતિમાને પૂર્ણ કદની બનાવશે?

તરસાડા -પ્રવીણસિંહ મહીડા

ચરિત્ર અભિનેતા નાઝિર હુસૈન

૧૫/૫/૧૯૨૨ ના રોજ જન્મેલા નાઝિર હુસૈન બોલિવુડના ચરિત્ર અભિનેતા,દિગ્દર્શક અને સંવાદલેખક હતા.તેમણે બોલિવુડની લગભગ 500 જેટલી ફિલ્મોમાં તેમના સમકાલીન એવા અભિનેતાઓ સાથે કામ કરેલું છે.પ્રારંભિક જીવનમાં રેલવેગાર્ડ પિતાના આ પુત્રે રેલવેમાં ફાયરમેનની નોકરી કર્યા પછી લશ્કરમાં જોડાઈ મલેશિયા,સિંગાપુર ખાતે સેવાઓ આપી હતી.જાપાની લશ્કરના હાથે યુધ્ધકેદી પકડાયા પછી છૂટ્યા બાદ સુભાષચંદ્ર બોઝના ઈન્ડિયન નેશનલ આર્મીના સ્વંયસેવક બન્યા હતા.આઝાદી પછી તેઓ બિમલ રોય જોડે જોડાઈ પહેલાં આદમી ફિલ્મમાં અભિનય અને સંવાદલેખન કર્યું હતું. સ્ટારડમ મળતાં દો બીંઘા જમીન,દેવદાસ,નયા દૌર.મુનીમજી વગેરે ફિલ્મો કરી હતી.દેવઆનંદ સાથે તેમની પહેલી હિંદી ફિલ્મ પેઈંગ ગેસ્ટ હતી. મુખરજી,દેવઆનંદ,સચીનદેવ બર્મન અને નાઝિર હુસૈન એક સાથે રહ્યા હતા.મૈં સુંદર હું ફિલ્મમાં પણ તેઓ હતા. ઢગલાબંધ ભોજપુરી ફિલ્મો કરનાર તેઓની પહેલી ફિલ્મ ભોજપુરી ફિલ્મ હતી. ગંગામૈયા તોહે પિયારિ ચઢાઈઓ બાલમ પરદેશીયા તેમની લોકપ્રિય ભોજપુરી ફિલ્મ હતી.ભોજપુરી ફિલ્મના તેઓ ભીષ્મ પિતામહ ગણાતા.પાછલાં વર્ષોમાં લાચાર,ગરીબ,મજબૂર પિતાની ભૂમિકા ભજવનાર નાઝિર હુસૈનનું 16/10/1987 ના રોજ ૬૫ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.ઉપલબ્ધ માહિતીઓને અનુલક્ષીને ગુ.મિત્રના વાચકો જોગ.

સુરત - સુરેન્દ્ર દલાલ

જો આપણે વિશ્વગુરુ બનવું હોય તો

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ વિશ્વગુરુ બનવાનો નારો છેલ્લા 5 વર્ષથી દેશમાં ગૂંજી રહ્યો છે. જો આપણે વિશ્વગુરુ બનીએ તો દેશવાસીઓ રાજીપો અનુભવશે. પરંતુ તે માટે કેટલીક જમીની વાસ્તવિકતાઓ ધ્યાનમાં લેવી જોઈએ. એટલે કે જો આપણે વિશ્વગુરુ બનવું હોય તો, 1. ટી.બી. અને મેલેરિયા જેવા રોગોને દેશવટો આપવો જોઈએ. 2. દલિતો, સ્ત્રીઓ અને બાળકો પરના અત્યાચારો બંધ થવા જોઈએ. 3 ભ્રષ્ટાચાર અને મોંઘવારી શૂન્ય સ્તરે પહોંચવાં જોઈએ. 4. સત્તાપક્ષે પક્ષ હિતના બદલે રાષ્ટ્રહિતને અગ્રતા આપી બંધારણ ધ્યાનમાં રાખી શાસન ચલાવવું જોઈએ.

સુરત- અશ્વિનકુમાર ન.કારીઆ

આર્ટ ઓન તટ (વારાણસી)

ચિત્રકલા પ્રદર્શન તાજેતરમાં સુરત શહેરના ૧૧ યુવકોના એક સંઘે વારાણસી ખાતે ચિત્રોના એક કેમ્પનું આયોજન કર્યું. આ કેમ્પમાં કુલ ૧૧૦ કલાકારો હતા જેમાં ૧૧ ચિત્રકારો આપણા સુરત નગરના હતા. નદીના કિનારા પર દોરેલાં ચિત્રોની રંગપૂરણી ડાર્ક હોવાને કારણે આ જોઈને નદી પર તરતી જયોત અને ફૂલથી શણગારેલી હોડી સાથે હસી રહ્યા હતા. ગંગા મૈયાની સવારની સુંદરતા અતિશય સૌંદર્યયુક્ત અને સૂર્યનાં કિરણોથી જોનારને પ્રફુલ્લિત કરતી હોય છે. એથી ગંગા નદીનું ચિત્ર બહુ જ મનમોહક હતું. આ ઉપરાંત પણ કાશી, ગંગા કિનારે જીવંત ચાલતી, કાશી અને ઘાટ કિનારા પરનાં ચિત્રો અતિ સુંદર. આ દરેક ચિત્રમાં રંગોની રંગપુરણી એક જુદી જ ભાત પાડતી હતી. કાશીની એક ગલીમાં બે મોટાં મકાનોને ચિત્રકારે એટલાં નયનરમ્ય બતાવ્યાં હતાં કે બંને મકાનો જાણે એકબીજાને મળવા માંગતાં હોય. આખું ચિત્ર પ્રદર્શન જ ખૂબ ગમે એવું હતું. પ્રદર્શન જોનારાનો ત્યાં મેળો જામ્યો હતો. જયારે ભીંત પર ટીંગાવેલાં ચિત્રોનો ચિત્રમેળો હતો. ચિત્રકલામાં રસ ધરાવનાર ઘણાં મુલાકાતીઓએ ચિત્રો ખરીદેલાં હતાં. પ્રદર્શનની એક બાજુ સંતુરવાદન પણ થતું હતું તે આયોજકની સંઘની સંગીત રુચિ દર્શાવતું હતું.

- રેખા ન. પટેલ